GJBK020084752026

ક્રિ.ઈન્કવાયરી નં. 2694/2026

**-૦ હુકમ ૦-**

૧. ફરિયાદ વંચાણે લીધી, ફરિયાદ સાથે રજૂ દસ્તાવેજો અને કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આ કામના ફરિયાદીના વિ.વ.શ્રીને સાંભળ્યાં.

૨. સદર ફરિયાદ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ-૨૦૦૭ ની કલમ-૨૫ ની જોગવાઈ હેઠળ દાખલ કરવામાં આવેલ છે. જે કાયદાની કલમ-૨૫(૫) મુજબ ડીસ ઓનર ઓફ ઈલેકટ્રોનીક ફન્ડસને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના ચેપ્ટર ૧૭ ની જોગવાઈઓ લાગુ પડે છે જેથી હાલની ઈન્કવાયરી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની ચેપ્ટર ૧૭ ની જોગવાઈઓ મુજબ ચલાવવાની રહે છે. ફરિયાદ પક્ષે **નામ. સુપ્રિમ કોર્ટના (૨૦૧૪) એસ.સી.સી. ૫૯૦, ઈન્ડિયન બેંક એશોશિયેશન વિ. યુનિયન બેંક ઓફ ઈન્ડીયા** ના ચુકાદા ઉપર આધાર રાખી સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ડાયરેક્શન મુજબ ફરિયાદના સમર્થનમાં એફિડેવિટ અને અસલ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે. ફરિયાદ તથા રજૂ દસ્તાવેજો વંચાણે લેતાં, ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ સાથે વાંચતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ આદેશાત્મક જોગવાઈઓનો અમલ કરવામાં આવેલ હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે અને આ રીતે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એકટ સાથે વાંચતા ધી નેગોશી - એબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૪૨ની જોગવાઈ મુજબ સમય

મર્યાદામાં હાલની ફરિયાદ અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે. અત્રેની કોર્ટ હકૂમતનો ઉપયોગ કરી શકે તે વિસ્તાર બહાર આરોપી બીજી જગ્યાએ રહેતા હોવાનું રેકર્ડ જોતા જણાઈ આવતા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૫ મુજબ આરોપી સામે કામગીરી હુકમ કાઢતાં પહેલા આરોપી વિરુદ્ધ કાર્યવાહી માટે પુરતા કારણ છે કે કેમ? તે નક્કી કરવા માટે હાલની ફરિયાદ કોર્ટ દ્વારા ઈન્કવાયરી માટે મુલતવી રાખવામાં આવેલી હતી.

૩. ફરિયાદીની સોગંદ પરની સરતપાસની જુબાની તથા ફરિયાદ પક્ષે રજૂ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, તેમજ **નામ. સુપ્રિમ કોર્ટે ૨૦૧૬ એ.આઈ.આર. (એસ.સી.) ૨૧૪૯, કે.એસ.જોસેફ વિ. ફિલિપ્સ કાર્બન બ્લેક લી.** ના ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ જ્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૫(૧) અન્વયે સોગંદ ઉપર સરતપાસ રજૂ કરવામાં આવેલ હોય ત્યારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૩ મુજબ ફરિયાદીનું અલગથી વેરીફિકેશન નોંધવું જરૂરી ન હોય, આ કામે ફરિયાદ પક્ષે રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવા તથા સોગંદ ઉપરની સરતપાસની જુબાની ધ્યાને લેતાં, આરોપીને ખોટી રીતે કનડગત કરવા હાલની ફરિયાદ રજૂ કરવામાં આવેલ હોય તે જણાતું નથી. આરોપી વિરુદ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલ મેન્ટ સિસ્ટમ્સ એકટ –૨૦૦૭ ની કલમ–૨૫ મુજબનો પ્રથમ દર્શનીય રીતે ગુનો બનતો હોય ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એકટ સાથે વાંચતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૨ મુજબ કોગ્નીઝન્સ લઈ હાલની ફરિયાદ ફોજદારી રજીસ્ટરે નોંધવાનો આથી હુકમ કરવામાં આવે છે અને આરોપી વિરુદ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એકટ–૨૦૦૭ ની કલમ–૨૫ મુજબના ગુના સબબ <u>**મુદત તા. 17–07–2026**</u> ના રોજનો સમંસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. ઉપરોક્ત મુજબ આ ઈન્ક્વાયરી ફેંસલ કરવી અને સદર કેસને ક્રિમીનલ રજીસ્ટરે નોંધવો.

- આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામઃ પાલનપુર
તા. 15–06–2026

એડી.જ્યુ.મેજી.ફ.ક.,
પાલનપુર
કોડ નં.જી.જે.૦૧૫૨૩